सा विद्या या विमुक्तये

# શારદ

વર્ષ ૨૮ ડિસેમ્બર - ૨૦૦૮ અંક ૩

**વાલીઓને....**

સંસ્થાની અંગ્રેજી માધ્યમની શાળા અંગે.

આ સંસ્થા ચોક્કસપણે માને છે કે માધ્યમિક કક્ષા સુધીનું શિક્ષણ વિદ્યાર્થીને માતૃભાષામાં જ મળવું જોઈએ અને ખૂબ સારૂ અંગ્રેજી આપવું જોઈએ. આ પ્રમાણે ઘણા વર્ષો સુધી આ રીતે શિક્ષણ આ સંસ્થા દ્વારા અપાયું છે.

સરકારશ્રીએ પ્રાથમિક વિભાગમાં પણ વિજ્ઞાન,ગણિત જેવા વિષયોમાં ભાષાનો કોઈપણ છોછ રાખ્યા સિવાય સ્પીડ, પ્લસ, માઈનસ તેમજ આંકડાઓ આંતરરાષ્ટ્રિય આપવામાં આવે તેવો અભિગમ બતાવતાં વાલીઓ પાસે એક સર્વે કરાવવામાં આવ્યો. જેમાં મુખ્યત્વે માધ્યમ કેવું હોવું જોઈએ, આ પ્રકારનાં અંગ્રેજી શબ્દો આપવા જોઈએ કે કેમ ? વગેરે પ્રશ્નો માટે તેમનો અભિપ્રાય માગવામાં આવ્યો હતો. મોટાભાગના વાલીઓએ માધ્યમ ગુજરાતી રાખીને આ પ્રકારના અંગ્રેજી શબ્દોનો સ્વીકાર કરવો જોઈએ તેવું જણાવેલું, પરંતુ ઘણા વાલીઓએ પોતાના અભિપ્રાય આપતાં જણાવેલું કે જેમની નોકરી અન્ય પ્રાંતોમાં બદલાય તેવી હોય છે, તેઓને માટે માધ્યમ અંગ્રેજી અનિવાર્ય બની જાય છે. અને આથી આ પ્રકારની જરૂરીયાતવાળા માટે માધ્યમ અંગ્રેજી રાખીને ગુજરાતી સંસ્કારો યથાવત્ રહે તેમ કરવું જોઈએ. આ વિચાર સાથે સંમત થઈ અંગ્રેજી માધ્યમનો પણ વિચાર કરવામાં આવ્યો. સાથેસાથે જેઓ ગુજરાતી માધ્યમમાં અભ્યાસ કરતા હોય તેને ખૂબ સારી કક્ષાએ અંગ્રેજીનો લાભ ચાલુ રાખવો જોઈએ અને તે જ રીતે અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરનાર માટે ગુજરાતી સારુ જાણતાં હોય તેવું બનવું જોઈએ તે અભિગમ રાખીને આ સંસ્થામાં અંગ્રેજી માધ્યમ ચાલુ કરવામાં આવ્યું.

મને જણાવતાં આનંદ થાય છે કે અંગ્રેજી માધ્યમના બાળકોના અનેક વાલીઓને આનાથી સંતોષ છે. આજે અંગ્રેજીમાધ્યમમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ ગુજરાતી સંસ્કારમાં જરાય પાછા પડતા નથી તે અમે જોયું. કેટલાક જાહેર કાર્યક્રમ જેવા કે શૌર્ય ગીતો, ગરબાઓ, વિવિધ સંસ્થાઓમાં અંગ્રેજી માધ્યમના બાળકોએ પોતાની શક્તિશાળી તેજસ્વીતા બતાવી છે તેનો અમને અનુભવ થયો છે.

છેક બાલમંદિરમાં કીન્ડર ગાર્ટન વર્ગોથી પણ સારૂ અંગ્રેજી આપીને ગુજરાતીનો પૂરો ખ્યાલ આપવામાં આવે છે. અને આપણા બાળકો ગુજરાતી સંસ્કાર, સાહિત્યિક રીતરીવાજોથી વિમુખ ન થઈ જાય તેની પૂરતી કાળજી રાખવામાં આવે છે. આજે અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરતાં બાળકો કોઈ રીતે ગુજરાતીમાં અભ્યાસ કરતાં બાળકોથી ગુજરાતી સંસ્કારમાં જરાપણ ઉતરતા ન બને તેવો અભિગમ અનેક વાલીઓને ગમ્યો છે તેનો અમને આનંદ છે.

અંગ્રેજી માધ્યમના બાળકો માટે ગુજરાતીમાં વાતચીત ન કરવાનો અભિગમ યોગ્ય નથી. કોઈક એક ભાષાને કારણે બીજી ભાષાને નુકશાન થાય તે અમે માનતા નથી. જો યોગ્ય માવજત આપવામાં આવે તો ભાષાઓ તો પરસ્પર પોષક બનતી હોય છે. અંગ્રેજી માધ્યમના બાળકો ગુજરાતી સાહિત્યના પણ અભ્યાસ કરે તે જરૂરી છે તેમ અમે માનીએ છીએ. અનિવાર્યપણે અંગ્રેજી માધ્યમ જેમને લેવું પડયું હોય તે તેમને માટે શાપિત ન બને તે જોવાની આપણી જવાબદારી છે.

દિનુભાઈ દવે
ના વંદન

## સ્મૃતિચિત્રો

થોડા સમય અગાઉ "ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડ"ના મુખપત્ર શિક્ષણ અને પરીક્ષણમાં સંસ્થાઓનો લોગો કેવો હોવો જોઈએ તે અંગે અત્યંત અભ્યાસપૂર્ણ લેખ પ્રો.આર.એસ.ત્રિવેદીએ લખેલો ત્યારે જ આ સંસ્થાના લોગોમાં આ બધુ સમાવિષ્ટ થયેલું હતું. તેનો આનંદ હતો. તેના સંદર્ભમાં આજના "શારદ"માં સ્મૃતિચિત્ર રજૂ કરતાં આનંદ અનુભવું છું.

આજથી ૫૦ વર્ષ પહેલાં શાળાની આગવી ઓળખ આપતો કોઈ લોગો હોય તો સારૂ તેમ વિચાર્યું.

મારા પડોશમાં જ ગુજરાતનાં જાણીતા કલાકારશ્રી રજનીભાઈ વ્યાસ રહેવા આવ્યા હતાં. તેમનાં પત્ની સરોજબેન વ્યાસ મારા જૂના વિદ્યાર્થિની એટલે મને શ્રી રજનીભાઈ સાથે આ અંગે વાતચીત કરવાની તક મળી. મેં તેમને સંસ્થાનો લોગો બનાવવા માટે વાત કરી, તો ઉત્સાહથી તેમણે મને જણાવ્યું કે તેઓ જરૂર લોગો બનાવશે.

થોડા સમય બાદ શ્રી રજનીભાઈએ એક રફ સ્કેચ આ અંગેનો મને બતાવ્યો. મને તે ખૂબ કલાત્મક લાગ્યો અને ગમી ગયો.ભારતીય સંસ્કૃતિની સાથે સંકળાયેલા તત્વો હતા તેની તે ઓળખ આપતો હતો. આ લોગોના પ્રથમ દર્શને જ પીપળાના પાનનો આકાર અત્યંત રોચક લાગતો હતો અને ભારતીય સંસ્કૃતિની ઓળખ પ્રમાણે તે જ્ઞાનનું પ્રતિક છે એટલે તે ખૂબ ગમ્યું. આ ઉપરાંત "તમસો મા જ્યોતિર્ગમય" નો વિચાર વ્યક્ત થતો હોય તેવો દિપક તેમાં મધ્યસ્થાને હતો અને તેનો ઉજાસ ચારે બાજુ ફેલાતો હતો. સરસ્વતી(શારદા)નાં પ્રતિક તરીકે વીણાનો સમાવેશ પણ તેમાં કરવામાં આવ્યો હતો, સંસ્થાનું નામ સુંદર અક્ષરે તેમાં લખાયેલું હતું. આ રીતે આ લોગો છેલ્લા કેટલાય દાયકાથી સંસ્થા ઉપયોગમાં લે છે. શ્રી રજનીભાઈએ સંપૂર્ણપણે સંસ્થાની તરફ સદ્ભાવના બતાવી આ લોગો તૈયાર કર્યો અને કોઈપણ પ્રકારનું મહેનતાણું તે અંગે લેવાની ના પાડી. આવા સુંદર લોગો બદલ સંસ્થાના અભિનંદનના અધિકારી છે. આજે સંસ્થાની જુદી જુદી સ્ટેશનરી ઉપર તે પ્રતિકનો અમે ઉપયોગ કરી રહ્યા છીએ. **દિનુભાઈ દવે**

## 'મારું બાળક એ મારી જ જવાબદારી'

'બેન ! મારી મમ્મીને ફોન કરોને, મને લેવા આવે, મારો રીક્ષાવાળો જતો રહ્યો છે'... કહેતા કહેતા તો આકાંક્ષા રડવા માંડી, સ્કૂલ છૂટે ખાસ્સી વીસ પચીસ મીનીટ થઈ ગઈ હતી. ઘણાં બધાં વિદ્યાર્થી જતાં રહ્યાં જ હોય ને ! બીજા ધોરણમાં ભણતી આટલી નાની આકાંક્ષા... બીચારી મૂઝાઈ ન જાય...!

'રીક્ષાવાળો કેમ જતો રહ્યો ? તું આવી છે એવી તેને ખબર તો હતી જ ને !'

'હા બેન ! સવારે હું એમની રીક્ષામાં જ આવી હતી, રોજ તો મને લઈને જ જાય છે, પણ આજે મને કલાસમાંથી આવતાં જરા મોડું થયું એટલે એ બીજા લોકોને લઈને જતાં રહ્યાં.. હવે હું શું કરીશ બેન !' આકાંક્ષા તો ફરી ખૂબ રડવા માંડી, 'તારી પાસે રીક્ષાવાળાનો ફોન નંબર નથી ?' - 'ના બેન' અને મેં એના મમ્મીને ફોન કર્યો.

મમ્મીએ મને સામેથી પૂછયું, 'કેમ ? રીક્ષાવાળો નથી આવ્યો ?'મને આશ્ચર્ય થયું, પોતાના બાળકની જેને જવાબદારી સોંપે છે એ માએ થોડી ય ચોકસાઈ નહી કરી હોય !

સ્કૂલ પાંચ વાગે છૂટે અને પોણા છ વાગે અમે છેલ્લે ઓફિસ બંધ કરીને નીકળતા હોઈએ ત્યારે ચાર પાંચ છોકરાં ઝાંપા પાસે રમતા જ હોય, પૂછીએ 'કેમ ? હજી કોઈ લેવા નથી આવ્યું ? કોની સાથે જાવ છો ?' તો જવાબ મળે. રીક્ષાવાળો કહી ગયો છે 'અહીં રમજો બીજા ફેરે લેવા આવીશ..'પાંચ વાગે સ્કૂલ છૂટે , છ વાગ્યા સુધી બાળકને રીક્ષાવાળો લેવા ન આવે, એ બાળકોની જવાબદારી કોની ? સ્કૂલ તો છૂટે એટલે બધાં જ નીકળી જાય. પટાવાળો ય કયાં સુધી રોકાઈ શકે ! સ્કૂલની ફરજ તો બહુ બહુ તો સ્કૂલ છૂટયા પછી વીસેક મીનીટ સુધીની, પણ પછી એ બાળકોની જવાબદારી કોની ? અત્યારે વખત કેવો છે ! એ બાળકો કોને ભરોસે ! માબાપ આનો વિચાર કરતાં હશે ખરાં ! એડમિશન માટે માબાપ દૂરદૂરથી આવે છે ત્યારે હું સૌથી પહેલું જ ધ્યાન દોરું છું કે 'ભાઈ ! આટલે દૂર લેવા, મૂકવા આવવાની જવાબદારી કેવી રીતે નિભાવશો ?' તો કહે..'રીક્ષા કે વાન બાંધી દઈશું ને !' પણ એ જ રીક્ષા કે વાનવાળાને બાળક સોંપ્યા પછી કેવા કેવા પ્રશ્નો ઉપસ્થિત થાય છે તે તો જે અનુભવે એને જ ખબર પડે છે ; માબાપને એની ગંભીરતાનો ખ્યાલ હોય છે ખરો !

ખૂબ વરસાદ પડે કે કંઈક તોફાન જેવું થાય ને શહેરનું વાતાવરણ તંગ બની જાય તો દોડાદોડ કરતાં એકાએક રીક્ષાવાળા, વાનવાળા બાળકોને લેવા દોડાદોડી કરતાં આવે, બાળકોને વર્ગમાંથી ભેગાં કરવા હોય તો માત્ર નામ ન ચાલે, વર્ગ ને ધોરણ તો જોઈએ. પણ એ કશું જ એને ખબર ન હોય, એ તો આગ્રહ રાખે કે 'એકાદ છોકરાને બોલાવી આપો એ બધાં છોકરાંને બોલાવી આપશે'...અને પરિણામે મારી સ્કૂલની આખી ય વ્યવસ્થા ખોરવાઈ જાય.. એકેએક વર્ગનું કાર્ય ખોરવાઈ જાય, એ રીક્ષા કે વાનવાળા પાસે છોકરાનાં પૂરા નામ ધોરણ કશી જ માહિતી ન હોય. માબાપ તરીકે આમ બાળકને સોંપી દેતાં જીવ કેવી રીતે ચાલે !

બાળક કયારેક મોડું તૈયાર થયું હોય તો એને વાલી પાછળથી મૂકી જાય તો વાલીએ રીક્ષાવાળાને જાણ પણ ન કરી હોય કે એ બાળક મોડું સ્કૂલમાં ગયું છે તેને લેતાં આવજો, એટલે પાછું એ બાળક સાંજે છૂટે એટલે રડતુ રડતું આવે કે મારો રીક્ષાવાળો મને મૂકીને જતો રહ્યો છે. એને જાણ કરી હોય તો લઈ જાય ને ! એનો મોબાઈલ ફોન બાળકની નોટમાં હોય તો એને જાણ પણ કરાય કે આવીને લઈ જાય પણ એ જાગૃતિ પણ આપણા માબાપમાં હોય છે ખરી ! આપણું મહામૂલું બાળક આપણે જેને ભરોસે સોંપીએ છીએ તેને માટેની આપણી કેટલી બધી બેફિકરાઈ ! નિશ્ચિંતતા !

એ રીક્ષાવાળાની રીક્ષાનો નંબર, એનો રજીસ્ટ્રેશન નંબર, એનો લાંયસન્સ નંબર, એનું સરનામું, એનો મોબાઈલ નંબર, એનું વાહન આર.ટી.ઓ.માંથી પ્રમાણિત થયેલું છે કે નહીં, અરે ! એ ભાઈ સંસ્કારી છે કે નહીં ! આ બધું આપણે વિચારીએ છીએ ખરાં ! આજે તો છોકરાંઓ સ્કૂલમાં જાતજાતનાં દૂષણો શીખીને આવે છે, પીકચરના અશ્લીલ ગીતો, અસભ્ય વર્તન, માબાપને આશ્ચર્ય થાય કે અમારા ઘરમાં તો એકદમ સંસ્કારવાળુ વાતાવરણ છે બાળક આવુ શીખ્યું કયાંથી ? પણ માબાપને કયાં ખબર છે કે બાળક ચારે બાજુ કેવા ઘેરા પ્રદૂષણો વચ્ચે ઘેરાયેલું છે ! રીક્ષા અને વાન ઉભી રાખી ડ્રાયવર પાનમસાલા ખાવા રોકાય, બાળકનાં નાજુક મગજ પર એની છાપ અંકિત થયા વીના રહે છે ખરી ! આ બધાં ભયસ્થાનો તો છે જ પણ વર્ષની શરૂઆતથી જ અમે ખાસ આગ્રહ રાખીએ કે વાલીઓ તેમનાં બાળકો કઈ રીક્ષામાં આવે છે તેની જાણ અમને અચૂક કરે, રીક્ષાવાળા પણ એમનાં વાહનમાં આવતાં બાળકોની વ્યવસ્થિત યાદી અમને આપે પણ કેટલાય વર્ષોથી લગાતાર આની પાછળની સતત મહેનત છતાં નથી માબાપ તરફથી તેને માટે સાથ મળતો, નથી રીક્ષાવાળા તરફથી, અને પરિણામે અમારે તો બાળક નિરાધાર બનીને અમારી પાસે આવે ત્યારે વાલીને જાણ કરવા સિવાય બીજો કોઈ વિકલ્પ રહેતો નથી. સેંકડો અને હજારો બાળકોમાં કયું બાળક કયા રીક્ષાવાળા કે કઈ વાનમાં આવે છે તે બધી જ માહિતી વાલી અને વાહનવાળાના સંપૂર્ણ સહકાર વિના મેળવવી એ કંઈ સહેલી વાત છે ! આને માટે તો વાલીની જ પહેલીજાગૃતિની જરૂર પડે, અને વાલીનાં સંપૂર્ણ સહકાર વીના તો આ આખાય તંત્રને વ્યવસ્થિત અને સુરક્ષિત રીતે ચલાવવું ખૂબ મુશ્કેલ છે. 'મારું બાળક એ મારી જ જવાબદારી' એ જાગૃતિ દરેક માબાપમાં આવે તો જ આ અભિયાન સફળ બને.

**ઊર્મિલા શાહ**

નોંધ : સૌ વાલીઓ શાળાને પોતાનો મોબાઈલ નંબર જરૂર આપે.નંબર બદલાય તો તાત્કાલિક જાણ કરે. બાળક પાસે પણ વાલીનો મોબાઈલ નંબર બાળકની સુવિધા માટે ખાસ જરૂરી છે.

## સંસ્થાકીય સમાચાર

### બાલમંદિર

તા.૧૭-૧૧-૦૮ને સોમવારથી બાલમંદિરનું બીજું સત્ર શરૂ થયું દિવાળીની રજાઓની મઝા માણી બાળકો ફરી પાછાં હર્ષભેર શાળામાં આવી ગયાં, એમનાં કિલ્લોલથી બાલમંદિરનું પ્રાંગણ ગાજી ઊઠયું. દિવાળીના ઉત્સવની ઉજવણીનો આનંદ હજી તેમના મુખ પર સ્પષ્ટ રીતે વરતાતો હતો. સૌ બાળકોને નવા વર્ષના શુભ આશિષ સાથે નવા વર્ષની પ્રવૃત્તિઓનો પ્રારંભ કર્યો.

તાલીમના બાળકોને આકાશદર્શનનાં પાઠ દ્વારા ચંદ્રની વિવિધ કળા વિશે સમજ આપી. બાળક નાનું હોય ત્યારથી જ આ સમજ તો હવે બહુ જ જરૂરી બની છે.

બાલમંદિરમાં હવે બાળકોને શિયાળાની ગુલાબી ઠંડીમાં સવારે સમૂહ કસરત પણ કરાવવામાં આવે છે.

તા.૨૮-૧૧-૦૮ને શુક્રવારે બાળકોએ 'બકરી અને વરૂ'નું નાટક જોવાની મઝા માણી.

તા.૫-૧૨-૦૮ને શનીવારે બાળકો 'ભૂંડી ઉંદરડી' પપેટ જોતાં જોતાં શારીરિક સ્વચ્છતાનાં પાઠો શીખ્યાં.

નાતાલના તહેવારની ઉજવણી માટે બાળકોએ ઉત્સાહભેર ક્રિસમસ ટ્રી અને સ્ટાર બનાવડાવી. 'આવી નાતાલ રૂડી આવી નાતાલ'નાં ગીતથી ઉત્સાહભેર નાતાલ ઉજવી.

બાલવાડીમાં આવતાં નવા બાળકો બાલવાડીમાં નવા વાતાવરણમાં સરસ રીતે ગોઠવાઈ ગયા છે. નાના ભૂલકાંઓને 'મગર અને પોપટ'નો પપેટ શો ખૂબ ગમ્યો.

બાલમંદિર અને તાલીમના બાળકોને કમ્પ્યૂટરનાં માધ્યમ દ્વારા અવનવી શૈક્ષણિક રમતો માણવી ખૂબ ગમે છે.

બાળકો માટે એક નાનકડાં પુસ્તકાલયનું પણ આયોજન કરવામાં આવ્યું છે જેમાં બાળકોનું સામાન્ય જ્ઞાન વધે તેવાં ચિત્રો અને બાળસાહિત્યનાં પુસ્તકો રાખવામાં આવ્યાં છે. બાળકોની જીજ્ઞાસાવૃત્તિને તેમાંથી સારું એવું પોષણ મળી રહે છે.

## શિશુમંદિર

**આંતરગૃહ સ્પર્ધાઓ :**

**અભિનંદન કાર્ડ સ્પર્ધા** તા.૧૪-૧૦-૦૮

| | | |
|---|---|---|
| પ્રથમ | કિન્નરી પરીખ | ગંગોત્રી |
| દ્વિતીય | વિરાજ શાહ | ગંગોત્રી |
| તૃતીય | ઝીલ શાહ | રત્નદીપ |

**રંગોળી સ્પર્ધા** તા.૧૪-૧૦-૦૮

| | | |
|---|---|---|
| પ્રથમ | પ્રિયાંશી ઠક્કર | ધવલગિરિ |
| દ્વિતીય | હેત શાહ | ગંગોત્રી |
| | જાનકી પટેલ | ગંગોત્રી |
| તૃતીય | પ્રિયલ શાહ | ધવલગિરિ |

**આરતી સ્પર્ધા** તા.૧૪-૧૦-૦૮

| | | |
|---|---|---|
| પ્રથમ | કેવલ શાહ | ધવલગિરિ |
| દ્વિતીય | કિશન શાહ | મેઘનાદ |
| | પંક્તિ આયર | મેઘનાદ |
| તૃતીય | હેત શાહ | ગંગોત્રી |
| | મેશ્વા ઠક્કર | ગંગોત્રી |

**તોરણ સ્પર્ધા :** તા.૨૪-૧૦-૦૮

| | | |
|---|---|---|
| પ્રથમ | રૂચા ઠાકર | ગંગોત્રી |
| દ્વિતીય | અનેરી પટેલ | રત્નદીપ |
| તૃતીય | ખુશ્બુ પારેખ | ધવલગિરિ |

**નિબંધ સ્પર્ધા :** તા.૧૧-૧૨-૦૮

| | | | |
|---|---|---|---|
| ગુજરાતી | પ્રથમ | જાનકી પટેલ | ગંગોત્રી |
| | દ્વિતીય | હેત્વી દેસાઈ | રત્નદીપ |
| | તૃતીય | ઋષાંગ શાહ | ધવલગિરિ |
| હિન્દી | પ્રથમ | એકતા ઠક્કર | ગંગોત્રી |
| | દ્વિતીય | શ્રીજા શાહ | રત્નદીપ |
| | | અનેરી ઝવેરી | ગંગોત્રી |
| | તૃતીય | હેત શાહ | ગંગોત્રી |
| | | વર્ધન શાહ | રત્નદીપ |
| અંગ્રેજી | પ્રથમ | હર્ષ શાહ | ગંગોત્રી |
| | દ્વિતીય | ક્રિશ્ના શાહ | મેઘનાદ |
| | તૃતીય | જૈના શેઠ | મેઘનાદ |
| | | ત્વિષા ઓઝા | રત્નદીપ |

**સુગમસંગીત સ્પર્ધા** તા.૧૭-૧૨-૦૮

| | | |
|---|---|---|
| પ્રથમ | ત્વિષા ઓઝા | રત્નદીપ |
| દ્વિતીય | વ્યોમા મહેતા | મેઘનાદ |
| | આયુષી શાહ | ગંગોત્રી |
| તૃતીય | કશ્યપ ગોહેલ | મેઘનાદ |
| | મહર્ષ પરમાર | ધવલગિરિ |

નિર્ણાયક તરીકે ભૂતપૂર્વ વિદ્યાર્થિની **લબ્ધિબેન શાહે** સેવા આપી. સંસ્થા તે બદલ આભારની લાગણી વ્યક્ત કરે છે.

તા.૩-૧૦-૦૮ના રોજ ધો.૩અને ધો.૪ માટે દાંડિયા શણગારવાની સ્પર્ધા યોજાઈ.

બાળકોને દિવાળીમાં ઘરકામને બદલે વિવિધ પ્રોજેક્ટ કરવાનું સોંપવામાં આવે છે. બાળકોએ વિવિધ વિષયો ઉપર ખૂબ સરસ પ્રોજેક્ટ તૈયાર કર્યા હતા જેનું પ્રદર્શન તા.૨૧-૧૧-૦૮નાં રોજ યાજાયું. વાલીઓએ પણ તે ખૂબ રસપૂર્વક નિહાળ્યું.

તા.૧૧-૧૨-૦૮ના રોજ ધો.૧ થી ૪ ના બાળકો માટે સુલેખન સ્પર્ધા યોજવામાં આવી. બાળકોએ ખૂબ ઉત્સાહભેર ભાગ લીધો.

## Shardamandir Modern School

**આંતરગૃહ સ્પર્ધાઓ :**

**અભિનંદન કાર્ડ સ્પર્ધા :** તા.૨૦-૧૦-૦૮

| | | |
|---|---|---|
| પ્રથમ | ધ્રુવ નવલખા | પલાશ |
| દ્વિતીય | રાધિકા ભગત | કદંબ |
| | હરીતા ઠાકર | પારિજાત |
| તૃતીય | ઋષ્વી શાહ | પારિજાત |

**કૉલાજવર્ક સ્પર્ધા :** તા.૨૦-૧૦-૦૮

પ્રથમ અમલતાસ - ઉત્સવી શાહ ,યશેશ પૂજારા, વૈશલ શાહ

દ્વિતીય કદંબ - રાધિકા ભગત, પ્રેરક રાજા, મંથન શાહ

**ન્યુઝ રીડીંગ સ્પર્ધા :** તા.૧૦-૧૨-૦૮

| | | |
|---|---|---|
| પ્રથમ | શિવાની પંડયા | અમલતાસ |
| દ્વિતીય | ઉત્સવી શાહ | અમલતાસ |
| તૃતીય | કુશલ શાહ | કદંબ |
| | મંથન શાહ | કદંબ |
| | સૃષ્ટિ શાહ | પારિજાત |

**રીપોર્ટીંગ સ્પર્ધા :** તા.૧૦-૧૨-૦૮

| | | |
|---|---|---|
| પ્રથમ | મેહા શાહ | કદંબ |
| દ્વિતીય | નિસર્ગ શાસ્ત્રી | કદંબ |
| તૃતીય | યશેશ પુજારા | અમલતાસ |

**સુગમ સંગીત સ્પર્ધા :** તા.૧૯-૧૨-૦૮

| | |
|---|---|
| પ્રથમ | નિનાદ બુચ |
| દ્વિતીય | વિશાલ હાપલીયા |
| તૃતીય | શિવાની ઉપાધ્યાય |
| | હિતાર્થ મહારાજા |

નિર્ણાયક તરીકે **રૂપલબેન શ્રોફે** સેવા આપી. સંસ્થા તે બદલ આભારની લાગણી વ્યક્ત કરે છે.

તા.૨૫ અને તા.૨૬મી નવેમ્બરે વિજ્ઞાન મેળો તથા વેકેશન દરમ્યાન વિદ્યાર્થીઓએ કરેલા પ્રોજેકટનું પ્રદર્શન યોજવામાં આવ્યું.

## વિનયમંદિર

શાળા વિકાસ સંકુલના ઉપક્રમે જિલ્લા શિક્ષણાધિકારી કચેરી તરફથી તા.૫-૯-૦૮ના રોજ નિબંધ લેખન, ચિત્ર સ્પર્ધા અને વકતૃત્વ સ્પર્ધાનું વિકાસગૃહ પાલડી ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. ચિત્ર સ્પર્ધામાં આપણા ૧૭ વિદ્યાર્થી ભાઈબહેનોએ, નિબંધ સ્પર્ધામાં ૨૫ વિદ્યાર્થી ભાઈબહેનોએ અને વકતૃત્વ સ્પર્ધામાં એક વિદ્યાર્થીએ ભાગ લીધો હતો. જેમાં નિબંધ સ્પર્ધામાં **વ્યાસ લાગણી**ને પ્રથમ ઈનામ મળ્યું છે. વકતૃત્વ સ્પર્ધામાં **શાહ કૃતિ**ને પ્રથમ ઈનામ મળ્યું છે. આ બંને બહેનોને ફરી તા.૨૯-૯-૦૮ના રોજ અમદાવાદ શહેર વિસ્તાર અને અમદાવાદ ગ્રામ્યની સુવર્ણિમ ગુજરાત અંતર્ગત સ્પર્ધામાં પણ એ જ રીતે પ્રથમ સ્થાન મળ્યું છે. આ સ્પર્ધા દિવાન બલ્લુભાઈ માધ્યમિક શાળા કાંકરિયા ખાતે યોજાઈ હતી.

એકલવ્ય એજ્યુકેશન ફાઉન્ડેશન તરફથી અપાતી સ્કોલરશીપ તથા શાળા તરફથી અપાતા બોર્ડના ઈનામોના વિતરણનો સમારંભ તા.૨૬-૯-૦૮ના રોજ પ્રાર્થનામંદિરમાં મુ.દિનુભાઈનાં પ્રમુખપદે યોજવામાં આવ્યો. જેમાં એકલવ્ય તરફથી શ્રી ભૌમિકભાઈ રાવળ તથા શ્રી આનંદભાઈ પાઢ અને અન્ય બે શિક્ષક ઉપસ્થિત રહ્યાં હતાં અને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

### આંતરગૃહ સ્પર્ધાઓ :

**આરતી સ્પર્ધા** તા.૧૪-૧૦-૦૮

| | | |
|---|---|---|
| પ્રથમ | મોહિની કુકાવાલા | ચંદ્રમૌલિ |
| દ્વિતીય | હેલી સોપારકર | ચંદ્રમૌલિ |
| | અનુષા શાહ | મેઘદૂત |
| તૃતીય | દ્રષ્ટિ ઠક્કર | પદ્મપુકુર |
| | પૂર્વાશી ઠક્કર | ગીતગોવિંદ |
| | કોમલ વાઢેરા | મેઘદૂત |

**રંગોળી સ્પર્ધા** તા.૧૪-૧૦-૦૮

| | | |
|---|---|---|
| પ્રથમ | કાજલ શાહ | ચંદ્રમૌલિ |
| દ્વિતીય | એકતા કાપડીયા | ગીતગોવિંદ |
| તૃતીય | કવિતા શાહ | ગીતગોવિંદ |
| | કુંજલ ગોહેલ | પદ્મપુકુર |

**અભિનંદન કાર્ડ સ્પર્ધા** તા.૧૬-૧૦-૦૮

| | | |
|---|---|---|
| પ્રથમ | માર્ગી જોષી | ચંદ્રમૌલિ |
| દ્વિતીય | આશકા પરીખ | પદ્મપુકુર |
| | રૂપેન ઝવેરી | ગીતગોવિંદ |
| તૃતીય | કુંજલ શાહ | ચંદ્રમૌલિ |
| | હેમ સોપારકર | પદ્મપુકુર |

**તોરણ સ્પર્ધા** તા.૧૬-૧૦-૦૮

| | | |
|---|---|---|
| પ્રથમ | મિત શાહ | મેઘદૂત |
| દ્વિતીય | મોહિની કુકાવાલા | ચંદ્રમૌલિ |
| | મહર્ષિ શાહ | ગીતગોવિંદ |
| તૃતીય | ઋતુ શાહ | મેઘદૂત |

તા.૧૮-૧૦-૦૮ના રોજ નવરાત્રિ નિમિત્તે ગરબા મહોત્સવ યોજવામાં આવ્યો.

### અભિનંદન

| સંસ્થા | વિજેતા વિદ્યાર્થી | પારિતોષિક |
|---|---|---|
| | **વકતૃત્વ** | |
| રોટરી કલબ ઓફ | યત્ન પટેલ | પ્રથમ |
| અમદાવાદ(પ્રહલાદનગર) | તુલા નાયક | દ્વિતીય |
| | **નિબંધલેખન** | |
| અખિલ હિંદ મહિલાપરિષદ | હેત્વી દેસાઈ | દ્વિતીય |
| એલીસબ્રીજ શાખા | રીયા ભટ્ટ | તૃતીય |
| | ક્રીશ્ના શાહ | તૃતીય |
| સરદાર પટેલ સેવા સમાજ | લાગણી વ્યાસ | તૃતીય |
| | **ચેસ** | |
| ગુર્જર ચેસ એકેડમી | ઑમ દવે | ચોથા |
| | અનુરાગ દલાલ | પાંચમા |

### સંસ્થાનું ગૌરવ

તા.૧૬-૧૧-૦૮ના રોજ અચલા એજ્યુકેશન ફાઉન્ડેશન તરફથી સંસ્થાના કૉ.ઓર્ડિનેટર **ડૉ.ઊર્મિલાબેન શાહ**ને ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ ઉપકુલપતિ ડૉ.ચંદ્રકાંત મહેતાના શુભ હસ્તે 'સારસ્વત એવોર્ડ' એનાયત કરવામાં આવ્યો.

આપણા ભૂતપૂર્વ વિદ્યાર્થી ભાઈ **ઋષિ ઘડાવાલાએ** ૨૦૦૨માં ગુજરાતી માધ્યમમાં શ્રેણી ૧૨ પાસ કરી. તેમનું ઓરગેનાઈઝેશન 'આર્યાવર્ત' યુનાઈટેડ નેશન્સ ઈન્ટરનેશનલ એસ્ટ્રોનોટીકલ ફેડરેશન અને ઈન્ટરનેશનલ સ્પેસ સોસાયટીની કમીટીમાં રજીસ્ટ્રેશન થયું છે. બ્રિટિશ ઈન્ટરપ્લેનેટરી સોસાયટીનાં બોર્ડ પર તે માત્ર એક જ ભારતીય સભ્ય છે. તાજેતરમાં એમણે ૫૯માં ઈન્ટરનેશનલ એસ્ટ્રોનોટીકલ કોંગ્રેસ અને ૧૮ મી યુ.એન.ઈન્ટરનેશનલ એસ્ટ્રોનોટીકલ ફેડરેશનના વર્કશોપમાં ભાગ લીધો હતો અને તેમાં ભાગ લેનારા દુનિયાભરના સ્પેસ વૈજ્ઞાનિકો તેમના 'આર્યાવર્ત'થી પ્રભાવિત થયાં હતાં. આપણા ભૂતપૂર્વ પ્રેસીડન્ટ ડૉ.અબ્દુલ કલામના માર્ગદર્શન હેઠળ આ પ્રોજેક્ટ ભાઈ ઋષિએ તૈયાર કર્યો હતો અને હવે યુ.એન.માં આ સ્થાન મળવાથી એમને દુનિયાભરનાં સ્પેસ વૈજ્ઞાનિકોનો લાભ મળશે. ભાઈ ઋષિને ખૂબ અભિનંદન.

ચિ.**કર્મ પંડયાએ** ૧૩ સપ્ટેમ્બરથી ૨૭ મી સપ્ટેમ્બર સુધી ગોવા ખાતે યોજાયેલ ૪૬ મી નેશનલ 'બી' ચેસ ચેમ્પીયનશીપમાં સફળતાપૂર્વક ભાગ લઈને ૧૬ ઓકટોબરથી ૨જી નવેમ્બર સુધી વિયેટનામ ખાતે યોજાયેલ વર્લ્ડ યુથ ચેસ ચેમ્પીયનશીપમાં ભાગ લઈને ૨૦૦માંથી ૧૭મું સ્થાન પ્રાપ્ત કર્યું છે. ત્યારબાદ ૧૦મી નવેમ્બરથી ૨૫ નવેમ્બર સુધી ફરી ૨૨મી નેશનલ u-13 for boys ચેસ ચેમ્પીયનશીપમાં ભાગ લઈને ૨૮૪માંથી છઠ્ઠું સ્થાન પ્રાપ્ત કર્યું છે. ભાઈ કર્મને ખૂબ અભિનંદન.

ઈન્ડીયન નેશનલ મેથેમેટીકલ ઓલમ્પીયાડ માટે આપણી શાળાના **શાહ સંવિત** અને **પરીખ આનંદ** ગુજરાત લેવલ પર પસંદ થઈને હવે નેશનલ લેવલ પર ભાગ લેવા માટે તૈયારી કરી રહ્યાં છે.

વિકાસવર્તુળ ભાવનગર આયોજીત સામાન્ય જ્ઞાનની સ્પર્ધામાં **ટંકશાળી કરણે** સ્ટેટ લેવલે પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. શાહ સંવિતે તૃતીય સ્થાન અને **શાહ ઈશીતાએ** છઠ્ઠું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

નવસર્જન એકેડમી અને પ્રકાશકલાવૃંદ આયોજીત આંતરશાળા રાષ્ટ્રભક્તિ સમૂહગાન સ્પર્ધામાં આપણી શાળાએ **પ્રથમ સ્થાન** મેળવી ટ્રોફી મેળવી છે.

વિશ્વભારતી ચેસ એકેડમી આયોજીત ચેસ ટુર્નામેન્ટમાં આપણી શાળાને **દ્વિતીય** પારીતોષિક મળ્યું છે.

તંત્રી, મુદ્રક પ્રકાશક : દિનુભાઈ દવે, આચાર્ય અને નિયામક,શારદામંદિર,
અમદાવાદ-૩૮૦૦૦૭.
EMAIL : sharda.mandir@yahoo.com